પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૯ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૦, શુક્રવાર; મહા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પોકમાં ૨૦થી વધુ ત્રાસવાદી કેમ્પો સક્રિય



**ત્રાસવાદી કેમ્પોમાં હંમેશા ૩૫૦ ત્રાસવાદીઓ સક્રિય રહે છે : એર સ્ટ્રાઈકને એક વર્ષની પૂર્ણાહુતિ થઈ રહી છે ત્યારે સેના પ્રમુખે દાવો કર્યો જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાઓમાં ઘટાડો થયો : નરવણે**

નવી દિલ્હી, તા.૨૦

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પોક) અને બાલાકોટમાં વર્તમાન ત્રાસવાદી છાવણી પર ભારતીય હવાઈ દળની એર સ્ટ્રાઈકની કામગીરીને એક વર્ષની પૂર્ણાહુતિ થઈ રહી છે ત્યારે આ કાર્યવાહી બાદ ફરી એકવાર પોકમાં આતંકવાદી કેમ્પો સક્રિય થઈ ગયા છે. આ કેમ્પોમાં ૨૫૦થી ૩૫૦ જેટલા ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણેએ મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે પોકમાં ૧૫ થી ૨૦ ત્રાસવાદી કેમ્પો ચાલી રહ્યા છે. જેમાં દર વખતે ૨૫૦થી ૩૫૦ ત્રાસવાદીઓ રહે છે. આ સંખ્યામાં કમ વધારો હોઈ શકે છે. આર્મી ચીફે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદી ઘટનાઓમાં ઉલ્લેખનિય રીતે ઘટાડો થયો છે.

સેના ત્રાસવાદી સંગઠનો પર દબાણ લગાવી રહી છે. બીજી બાજુ પાક સેનાના બેટ પગલાના સંદર્ભમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાની સેનામાં બેટ હુમલાની માહિતી મળી રહી છે. પાકિસ્તાનના બેટ પગલાને રોકવામાં અમે સફળ રહ્યા છીએ. તેમના હુમલા પહેલા કરતા હવે નિષ્ફળ વધારે થઈ રહ્યા છે. ટેરર ફન્ડીંગ પર નજર રાખનાર વૈશ્વિક એકમ એફએટીએફની પેરિસમાં ચાલી રહેલી બેઠક દરમિયાન પાકિસ્તાનને ગ્રે લિસ્ટની બહાર નહીં કરવાની ભલામણ કરવામાં આવી છે.

બીજી બાજુ નરવણેએ કહ્યું છે કે એફએટીએફના વર્તમાન સત્રને લઈને આર્મી ચીફે કહ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર



શંભુ શરણે પડી, માંગુ ઘડી રે ઘડી, કષ્ટ કાપો, દયા કરી દર્શન શિવ આપો...
તમે ભક્તોના દુઃખ હરનારા, શુભ સહુનું સદા કરનારા,
હું તો મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો, દયા કરી દર્શન શિવ આપો....

# પૂર્વોત્તરેની સંસ્કૃતિને બચાવવા સરકાર કટિબદ્ધ : અમિત શાહ

**અરૂણાચલ અને મિઝોરમ સ્થાપના દિનની ઉજવણી : નોર્થ-ઈસ્ટથી કલમ ૩૭૧ને કોઈ હટાવી શકે નહીં : બળવાખોરી પ્રવૃત્તિનો અંત લવાશે**

ઈટાનગર, તા.૨૦

અરૂણાચલપ્રદેશના સ્થાપના દિવસના પ્રસંગે પહોંચેલા કેન્દ્રિય મંત્રી અમિત શાહે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે નોર્થ ઈસ્ટથી કલમ ૧૭૧ને કોઈ હટાવી શકે તેમ નથી. અરુણચલ અને મિઝોરમના સ્થાપના દિવસ પર પહોંચેલા અમિત શાહે કહ્યું હતું કે કોઈપણ આ રાજ્યોથી કલમ ૩૭૧ને દુર કરી શકે નહીં. તેમણે કહ્યું હતું કે ૨૦૨૪ સુધી ઉગ્રવાદથી સંપૂર્ણ મુક્તિ મળી જશે. પૂર્વોત્તરની સંસ્કૃતિને બચાવવાના પ્રત્યે સરકાર કટિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે જ્યારે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવામાં આવી રહી હતી ત્યારે નોર્થ ઈસ્ટમાં પણ એવી અફવાઓ ફેલાઈ ગઈ હતી કે કલમ ૩૭૧ પણ હટાવી દેવામાં આવશે. અરૂણાચલ અને મિઝોરમના સ્થાપના દિવસના પ્રસંગે અમિત શાહે કહ્યું હતું કે કલમને દુર કરવાની કોઈની પણ કોઈ યોજના નથી. કલમ ૩૭૧થી જ નોર્થ ઈસ્ટના કેટલાક રાજ્યોને ખાસ અધિકારો મળેલા છે. આના મારફતે અહીંની સંસ્કૃતિ અને

● અનુસંધાન પાન-૭ પર



**ફાંસીથી બચવાનો પેંતરો**

# નરાધમ વિનયે જેલમાં દિવાલ સાથે માથુ પછાડી ઈજા પહોંચાડી

**નરાધમ ઇજાગ્રસ્ત, હોસ્પિટલમાં સારવાર બાદ જેલમાં ધકેલાયો**

ન્યુ દિલ્હી,તા.૨૦

નિર્ભયા ગેંગરેપ અને હત્યાના મામલામાં દોષી વિનય શર્માએ પોતાને ફાંસીની સજાથી બચવા માટે વધુ એક ચાલ ચાલી છે. મળતી જાણકારી મુજબ, દોષીએ સેલની દીવાલ સાથે પોતાનું માથું ફોડી દીધું છે, જેમાં તેને ઈજા થઈ છે. તેને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં તેની સારવાર કર્યા બાદ ફરી જેલ મોકલી દેવામાં આવ્યો છે.

વિનય શર્માને તિહાડ જેલના બેરેક નંબર-૩માં રાખવામાં આવ્યો છે. આ ઘટના ૧૬ ફેબ્રુઆરીએ બની હતી. સૂત્રો અનુસાર વિનયે સેલમાં પોતાનું માથું દીવાલ સાથે ભટકાવ્યું. જોકે તે ફરી આવું કરતો ત્યાં સુધીમમાં બહાર ઊભેલા સિપાહીએ તેને રોકી દીધો. મળતી માહિતી મુજબ દોષી વિનય પોતાને ફાંસીથી બચાવવા માટે ચાલ ચાલી રહ્યો છે. તે પોતાને મેડિકલ અનફિટ કરવાના પ્રયાસમાં છે જેથી તેની ફાંસી ટળી જાય. આ ઘટના બાદ ચારેફ દોષિતોને કડક ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવી રહ્યા છે.



દાવો કરવામાં આવી રહ્યો છે કે ત્રીજી વાર ડેથ વૉરન્ટ જાહેર થયા બાદથી જ દોષિતોતના વલણમાં ઘણો ફેરફાર જોવા મળી રહ્યો છે. તેમનું વલણ પહેલાથી વધુ આક્રમક થઈ ગયું છે. હવે તેમને નાની-નાની વાતો પર ગુસ્સો આવી રહ્યો છે. સીસીટીવી દ્વાર એક કર્મચારી સતત ચારેય દોષિતો પર નજર રાખી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમારુ લક્ષ્ય ભારતને વિશ્વગુરૂ બનાવવાનું : ભાગવત

**ભારત કરી શકે છે દુનિયાનું નેતૃત્વ, હિન્દુત્વના એજન્ડા પર આગળ વધશે સંઘ : ‘રાષ્ટ્રવાદ’ શબ્દનો ઉપયોગ ન કરો તેની જગ્યાએ ‘રાષ્ટ્ર કે રાષ્ટ્રીય’ શબ્દ વાપરો : ભાગવતની શીખામણ**

રાંચી,તા.૨૦

ભાજપની માતૃસંસ્થા આરએસએસના સુપ્રિમો મોહન ભાગવતે રાષ્ટ્ર પ્રત્યેની લાગણી કે સંવેદના દર્શાવવા માટે ભાજપ અને ખુદ આરએસએસ દ્વારા વર્ષોથી ઉપયોગમાં લેવાતા શબ્દ રાષ્ટ્રવાદ(નેશનાલિઝમ) પ્રત્યે હવે અણગમો દર્શાવીને એવો દાવો કર્યો છે કે "રાષ્ટ્રવાદ" શબ્દ બોલીએ છીએ તો તેનો અર્થ હિટલર,હિટલરની પાર્ટી નાઝીવાદ, ફાસીવાદ એવો થાય છે...! તેથી રાષ્ટ્રવાદ શબ્દનો ઉપયોગ કરવાથી દૂર રહેવુ જોઈએ. રાષ્ટ્રવાદ શબ્દના સ્થાને હવે રાષ્ટ્ર કે રાષ્ટ્રીય એવા શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ. નોંધનીય છે કે જર્મનીના તાનાશાહી હિટલરે લાખો યહુદીઓની કત્લેઆમ કરીને વિશ્વ આખામાં ધિક્કારની લાગણી જન્માવી હતી. તેમની પાર્ટી નાઝી યહુદીઓને જર્મનના દુશ્મન માનતી હતી. હિટલરની સાથે ફાસીસ્ટ-ફાસીવાદ શબ્દ પણ જોડાયેલો છે. અને કોંગ્રેસ દ્વારા ભાજપ અને સંઘની વિરૂધ્ધ પણ ઘણીવાર આ શબ્દનો ઉપયોગ થાય છે. આ નિવેદન અગાઉ તેમણે એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે ભણેલા-ગણેલા પરિવારોમાં છૂટાછેડાના કિસ્સાઓ વધારે જોવા મળે છે.

ઝારખંડની રાજધાની રાંચીમાં ભાગવતે એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમ્યાન મોહન ભાગવતે કહ્યું કે આરએસએસનો વિસ્તાર દેશ માટે છે કારણ કે અમારું લક્ષ્ય ભારતને વિશ્વગુરૂ બનાવાનો છે.

સંઘના પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે રાષ્ટ્રવાદ જેવા શબ્દનો ઉપયોગ કરવો જોઈએ નહીં. તેમનું કહેવું છે કે રાષ્ટ્રવાદ શબ્દની જગ્યાએ રાષ્ટ્ર કે રાષ્ટ્રીય શબ્દનો ઉપયોગ થવો જોઈએ કારણ કે તમાં નાજી અને હિટલરની ઝલક દેખાય છે. એવામાં રાષ્ટ્ર કે રાષ્ટ્રીય જેવા શબ્દોનો જ મુખ્યત્વે ઉપયોગ



કરવો જોઈએ. તેમણે કહ્યું કે દુનિયાની સામે અત્યારે જેંજી, કટ્ટરપંથ, અને જળવાયુ પરિવર્તન જેવા મુદ્દા મોટો પડકાર છે.

અહીં ભાગવતે કહ્યું કે વિકસિત દેશ શું કરે છે, તેઓ પોતાના વ્યાપારને દરેક દેશમાં ફેલાવા માંગે છે. તેના દ્વારા તેઓ પોતાની શરતોને મનાવા માંગે છે. દુનિયાની સામે જે મોટી સમસ્યાઓ છે, તેમાંથી માત્ર ભારત જ છૂટકારો અપાવી શકે છે એવામાં હિન્દુસ્તાનને દુનિયાનું નેતૃત્વ કરવાનું વિચારવું જોઈએ. દેશની એકતા જ અસલી તાકાત છે, તેનો આધાર અલગ હોઈ શકે છે પરંતુ હેતુ સમાન જ છે.

હિન્દુત્વના મુદ્દા પર સંઘ પ્રમુખ બોલ્યા કે હિન્દુ જ એક એવો શબ્દ છે જે ભારતને દુનિયાની સામે યોગ્ય રીતે રજૂ કરે છે.

● અનુસંધાન પાન-૭ પર




# મોદી-ટ્રમ્પ વચ્ચે એચ-૧બી વિઝા મુદે વાતચીત શક્ય

ન્યુ દિલ્હી,તા.૨૦

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારતની આ પ્રથમ મુલાકાત હશે. છેલ્લા ૮ મહિનામાં પીએમ મોદી સાથેની તેમની ૫ મી બેઠક હશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પનો પ્રવાસ અમદાવાદ-આગ્રા-દિલ્હી ત્રણ ભાગોમાં વહેંચાયો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ બપોરે અમદાવાદ પહોંચશે. જ્યાંથી તે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને સંબોધન કરવા મોટેરા સ્ટેડિયમ જશે. અમને આશા છે કે મોટી સંખ્યામાં લોકો (રાષ્ટ્રપતિને આવકારવા એરપોર્ટથી) એરપોર્ટથી સ્ટેડિયમ જતા માર્ગ પર ઉપસ્થિત રહેશે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ મુલાકાતમાં ગાંધી આશ્રમની મુલાકાત રદ થઈ છે તેવી ચર્ચાઓ વચ્ચે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ કમિશનર અજય તોમરે જણાવ્યું છે કે 'પોલીસે ગાંધી આશ્રમની સૂચિત મુલાકાત માટે તૈયારીઓ કરી છે.' અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રન્પની ભારત મુલાકાત દરમિયાન એચ-૧બી વિઝાનો મુદ્દો પણ વાતચીત દરમિયાન ચર્ચાઈ શકે છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે વધુમાં જણાવ્યું હતું કે 'અમદાવાદના મોટેરામાં યોજાઈ રહેલા કાર્યક્રમનું આયોજન ડોનાલ્ડ ટ્રમ્પ નાગરિક અભિનંદન સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં કોને આમંત્રણ આપવું તે સમિતિ નક્કી કરે છે.










